Gujarat Samachar (Suppl.: Ahmedabad East)

EDII

April 25, 2022
Pg.2

### ગ્લોબલ સિંધુ સમિટનું થયું આયોજન

# સિંધુ ચેરની રચના કરવા માટે સિંધી અગ્રણીઓ દ્વારા સરકારને રજૂઆત

અમદાવાદ, રવિવાર

તાજેતરમાં અમદાવાદના ભાટ ઈડીઆઈ ખાતે ગ્લોબલ સિંધુ સમિટનું આયોજન કરાયું હતું. જેમાં ૧૦ દેશોમાંથી સિંધી સમાજના વેપાર ધંધા સાથે સંકળાયેલા ઉદ્યોગપતિઓએ તેમજ અગ્રણીઓએ હિસ્સો લીધો હતો. સાથેસાથે ગુજરાત સરકારને રાજ્યમાં સિંધુ ચેરની સ્થાપના કરવા માટે રજૂઆત કરવામાં આવી હતી.

## ગુજરાતમાં સિંધુ ચેરની સ્થાપનાથી સિંધી સમાજ દ્વારા દેશના વિકાસમાં વધુ ફાળો આપવાની તક મળશે

આ અંગે ભારતીય સિંધુ સભા ગુજરાતના પ્રમુખ અને ગ્લોબલ સિંધુ સમિટના કો-ઓર્ડીનેટર નિખિલ મેઠિયાએ જણાવ્યું હતું કે ગુજરાતમાં જ નહી પણ સમગ્ર ભારત સિંધી સમાજે અર્થતંત્રના વિકાસમાં યોગદાન આપ્યું છે. ત્યારે સિંધુ ચેરની સ્થાપના કરવામાં આવે તો સિંધી સમુદાયને તેની પરંપરાગત સંસ્કૃતિ અને સામાજીક વિકાસની સાથે વેપાર ધંધાના વિકાસમાં મોટી તક મળી શકે તેમ છે. જેથી આ અંગે ગુજરાત સરકારને




રજૂઆત કરવામાં આવી છે. ઈડીઆઈઆઈના ડાયરેક્ટર જનરલ ડૉ. સુનિલ શુક્લાએ જણાવ્યું હતું કે સિંધી સમુદાયે ગુજરાતના વેપાર ધંધાના વિકાસમાં સિંહ ફાળો આપ્યો છે. ત્યારે સિંધી સમુદાયને સિંધુ ચેર આપવામાં આવે તે માટે તે જરૂરી છે. ગ્લોબલ સમિટમાં સિંધી ઉદ્યોગપતિઓએ ગુજરાતમાં રોકાણની તક સાથેની વિવિધશક્યતાઓ અંગે પણ ચર્ચા કરી હતી.